# 51

**મોરબી જિલ્લાના હળવદ ગામના તળાવ અને આસપાસના વિસ્તારોમાં દબાણ**

*15/4/2473 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | નામદાર ગુજરાત હાઈકોર્ટ તા.૧૮/૦૪/૨૦૦૧ ના રોજ અલગ અલગ સ્પે. સીવીલ એપ્લીકેશનો પર કોમન ઓરલ જજમેન્ટ આપીને મહેસુલ વિભાગ હસ્તકના તળાવો તથા પાણી સ્રોતોની જાળવણી કરવા તથા તેમાં થયેલ કોઈપણ જાતના દબાણો અગ્રતાના ધોરણે ખુલ્લા કરવા ડાયરેકશન આપેલ છે તેના અનુસંધાને તા.૨૦/૦૬/૨૦૦૧ના રોજ પરીપત્ર પ્રસિધ્ધ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા |
| (૨) | જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના હળવદ ગામના સામતસર તળાવ અને આસપાસ કેટલા વિસ્તારમાં કયા પ્રકારના દબાણો થયેલ છે, | (૨) | આશરે ૯૦ (નેવું) કાચા ઝુપડા અને ત્રણ લારીઓ અને એક વાંસની પટીઓથી બનેલ હોટલનું દબાણ થયેલ છે. |
| (૩) | ઉકત દબાણો દૂર ન કરવાના કારણો શા છે, | (૩) | તા.૨૨/૧૨/૨૦૨૨ના રોજ નગરપાલિકા , હળવદના એન્જીનીયર તથા હેડ કલાર્ક દ્વારા સામતસર તળાવ અને આસપાસના વિસ્તારના ઝુંપડા બાંધીને રહેનાર લોકોને રૂબરૂ સ્વેચ્છાએ દબાણ દુર કરવા સમજાવતા આશરે ૨૦ જેટલા ઝુંપડા ખાલી કરેલ હતા તથા અન્ય ઝુંપડા ધારકોએ તમામ ઝુંપડા ખાલી કરી આપવાની મૌખિક બાંહેધરી આપેલ તેથી. |
| (૪) | ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત દબાણો દૂર કરવા કેટલી ફરીયાદો મળી, અને | (૪) | ૨ (બે) |
| (૫) | ઉકત બાકી દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૫) | બનતી ત્વરાએ. |

----------